<u>પડધરીના મહે. જ્યુડીશ્યલ મેજીસ્ટ્રેટ ફર્સ્ટ કલાસ સાહેબની કોર્ટમાં,</u>
<u>મુ. પડધરી, જી.રાજકોટ.</u>

**ક્રીમી. કેસ નં–170/2026**

<u>–ः આંક–૦૧ નીચે ચુકાદોઃ–</u>

આ કામે આરોપી (૧) ખોડલ એગ્રો સીડ્સ, યોગેશ્વર, મોવૈયા સર્કલ, તા.પડધરી, જી.રાજકોટ, (૨) મુંગરા મહેશભાઈ અરજણભાઈ, હર્ષદપુર, પરાવિસ્તાર, હડમતિયા, રાજકોટ, તે તહોમતદાર નં. ૧ ના જવાબદાર વ્યક્તિ (૩) કૃષિ રસાયણ એક્સ્પોર્ટ પ્રા.લી. (૪) બિલમ કુમાર, લેફ્ટનન્ટ બલિરામ શાહી, ૧૨૭–સી, ચન્ની હિમ્મત, એચ નંબર ૨૪૬ પાછળ, સેકટર ૨, જમ્મુ શહેર, જમ્મુ અને કાશ્મીર, તે તહોમતદાર નં. ૩ ના જવાબદાર વ્યક્તિ (૫) એગ્રો લાઈફ સાયન્સ કોર્પોરેશન, પ્લોટ નં.૧૬૬–૧૭૩ એ, આઈ.આઈ.ડી. સેન્ટર, ગોવિંદસર (એસઆઈસીઓપી), કઠુઆ જમ્મુ અને કાશ્મીર તથા (૬) બિલમ કુમાર, લેફ્ટનન્ટ બલિરામ શાહી, ૧૨૭–સી, ચન્ની હિમ્મત, એચ નંબર ૨૪૬ પાછળ, સેકટર ૨, જમ્મુ શહેર, જમ્મુ અને કાશ્મીર તે તહોમતદાર નં. ૫ ના જવાબદાર વ્યક્તિ વાળાઓની સામે જંતુનાશક દવા અધિનિયમ, ૧૯૬૮ ની કલમ–૩(ક)૧, ૧૭(૧)(ક), અને ૧૮(૧)(ગ) તથા જંતુનાશક દવા અધિનિયમ, ૧૯૬૮ ની કલમ–૨૯(૧)(ક), એમેન્ડેન્ટ–૨૦૦૦ મુજબનાં ગુન્હાનું તહોમત છે. આ કામનાં આરોપીઓની સામે જંતુનાશક દવા અધિનિયમ, ૧૯૬૮ ની કલમ–૩(ક)૧, ૧૭(૧)(ક), અને ૧૮(૧)(ગ) તથા જંતુનાશક દવા અધિનિયમ, ૧૯૬૮ ની કલમ–૨૯(૧)(ક), એમેન્ડેન્ટ–૨૦૦૦ મુજબની પ્લી નોંધવામા આવેલ છે. જેમા તેઓએ ગુન્હાનો સ્વીકાર કરતુ નીવેદન આપેલ. વધુમાં આરોપી ઓ એ અલગથી કબુલાત પુરસીસ રજુ કરી ગુન્હાની કબુલાત કરેલ છે. જે રેકર્ડ કરી સદર આરોપીને તકસીરવાન ઠરાવવામાં આવે છે. આરોપી ઓ ની ગુન્હાની કબુલાત ન માનવાને કોઈ કારણ નથી અને તેણે દયાની માંગણી કરેલ છે. તેનો આ પ્રથમ ગુન્હો હોવાનું તે જણાવે છે. હવેથી આવો ગુન્હો નહીં કરવાની તે ખાત્રી આપી પોતાની ભુલ સુધારતા માંગતા હોવાનું જણાવે છે. આમ, આરોપી ઓ ની કબુલાત

પુરસીસ તેની મૌખિક દલીલો ધ્યાને લેતાં તથા ફરીયાદના ગુન્હાની જોગવાઈ ધ્યાને લેતાં તેમજ આજ રોજ નેશનલ લોક અદાલતમા સ્પેશીયલ સીટીંગનું આયોજન કરેલ હોય તે ધ્યાને લેતાં સદર કેસમાં આરોપી ઓ ને ઓછામાં ઓછો દંડ કરવો મને ન્યાયી અને ઉચિત જણાતુ હોય નીચે મુજબનો છેવટનો હુકમ ફરમાવુ છું.

**-: હુકમ :-**

આરોપી ઓ ને ભારતીય નાગરીક સુરક્ષા સંહિતા, ૨૦૨૩ ની કલમ-૨૭૫ મુજબ જંતુનાશક દવા અધિનિયમ, ૧૯૬૮ ની કલમ-૩(ક)૧, ૧૭(૧)(ક), અને ૧૮(૧)(ગ) તથા જંતુનાશક દવા અધિનિયમ, ૧૯૬૮ ની કલમ-૨૯(૧)(ક), એમેન્ડેન્ટ-૨૦૦૦ મુજબનાં ગુન્હામાં તકસીરવાર ઠરાવી દરેક આરોપીને રૂા.૧૦,૦૦૦/- (દરેક આરોપીને અંકે રૂપીયા દસ હજાર પુરા) પુરાનો દંડ ની સજા ફરમાવવામાં આવે છે જો આરોપી ઓ દંડની રકમ ન ભરે તો દિન- ૧૦ ની સાદી કેદની સજા ફરમાવવામાં આવે છે .

હુકમ આજરોજ તા.૧૪/૦૩/૨૦૨૬ નાં રોજ નેશનલ લોક અદાલત (સ્પેશ્યલ સીટીંગ) માં વાંચી સંભળાવી મારી સહી સીક્કો કરી જાહેર કર્યો.

તા.૧૪/૦૩/૨૦૨૬
પડધરી

**(કુ.શ્રદ્ધા એન. ફાળકી)**
**જ્યુડીશીયલ મેજીસ્ટ્રેટ ફર્સ્ટ કલાસ,**
**પડધરી, જી.રાજકોટ**
**UID GJ-1579**